email : akhilgujaratlohanasamaj123@gmail.com
web. : www.akhilgujaratlohanasamaj.org

HELPLINE 9909994197

સંગઠન • સહકાર • સમર્પણ

પ્રમુખ શ્રી : શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી ધનવાનભાઈ કોટક
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી દિવ્યેશભાઈ રાજદેવ
મહામંત્રી શ્રી : શ્રી ભગવાનદાસ શીવરામભાઈ ઠક્કર (બંધુ)
મહામંત્રી શ્રી : શ્રી મુકેશભાઈ એ. ઠક્કર

# અખિલ ગુજરાત લોહાણા સમાજ

(સમાજના ઉત્કર્ષ તથા સંગઠન માટે રચનાત્મક કાર્ય કરતી સંસ્થા)

કાર્યાલય એડ્રેસ : હોટલ નિલકંઠ ઈન, પાલડી ચાર રસ્તાની નજીક, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૩૦

# તૃત્તિય કારોબારી સભા

## યજમાન સંસ્થા : લોહાણા મિલન - વડોદરા

## તા.૧૫ જૂન, ૨૦૧૪

અખિલ ગુજરાત લોહાણા સમાજની વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૪ના સમયગાળાની તૃતિય કારોબારી સભા વડોદરા મુકામે મધ્ય ગુજરાત ખાતે તા.૧૫.૦૬.૨૦૧૪ને રવિવારના રોજ લોહાણા મિલન – વડોદરા યજમાન પદે હેઠળ મળી જેમાં સમગ્ર ગુજરાતમાંથી ૯૬ હોદ્દેદારો તેમજ કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ મિટિંગમાં આરોગ્ય વિષે મહિલાઓના સર્વાંગી વિકાસ માટે તેમજ યુવાનો માટેની વિસ્તૃત ચર્ચા સભાનું એજન્ડા મુજબ કાર્યવાહી કરવામાં આવી હતી.

૧. અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કરના અધ્યક્ષ સ્થાને મિટિંગનું આયોજન કરેલ તેમાં સંચાલક દ્વારા શ્રી ઉમંગભાઈ ઠક્કરને વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી દિવ્યેશભાઈ રાજદેવ, મહામંત્રીશ્રી ભગવાનભાઈ ઠક્કર 'બંધુ', મહામંત્રીશ્રી મુકેશભાઈ ઠક્કર તથા યજમાન સંસ્થાના અધ્યક્ષ શ્રી ઠાકોરભાઈ ઠક્કર, ઉપાધ્યક્ષશ્રી મગનભાઈ રૂપાવેલ, આરોગ્ય સમિતિના અધ્યક્ષશ્રી ડૉ.નંદલાલ માનસેતા સાહેબ, મહિલા અધ્યક્ષ શ્રીમતી જ્યાબહેન ઠક્કર, યુવા સમિતિ અધ્યક્ષશ્રી જીગ્નેશભાઈ ભજીયાવાલા, મંત્રીશ્રી શૈલેષભાઈ સોનપાલ, વિભાગીય ઉપપ્રમુખશ્રી વિપુલભાઈ ઠક્કર તેમજ વિવિધ સમિતિના અધ્યક્ષો અને કારોબારી સભ્યો સૌને મંચસ્થ થવા નિમંત્રણ પાઠવેલ. દીપ પ્રાગટ્ય કરી વિધીવત શરૂઆત કરવામાં આવી હતી.




૨. સભાની શરૂઆત યજમાન સંસ્થાની દીકરી ખુશી કોટેચા દ્વારા સુંદર સ્વાગત ગીત રજૂ કરી સૌને સન્માનિત કર્યા હતા તેમજ મંચ ઉપરના મહાનુભાવોનું પુસ્તક અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

૩. એજન્ડા મુજબ કાર્યવાહી આગળ વધારતાં અખિલ ગુજરાત લોહાણા સમાજના સ્થાપક પ્રમુખ શ્રી નાનુભાઈ મજેઠીયાના દુ:ખદ અવશાન થયાના સમાચાર જાણી તેમને શ્રદ્ધાજંલી અર્પણ કરવામાં આવી હતી અને સાથે સાથે લોહાણા સમાજના દિવંગત આત્માઓને પણ શ્રદ્ધાજંલી અર્પણ કરવામાં આવી હતી.

૪. અનિવાર્ય કારણોસર આ કારોબારી સભામાં ઉપસ્થિત ન રહી શક્યા હોય તેમના શુભેચ્છા સંદેશનું એમ.ઓ.સી. દ્વારા વાંચન કરવામાં આવ્યું હતું.

૫. એજન્ડા મુજબ કાર્યવાહી ને આગળ વધારતા મહામંત્રીશ્રી મુકેશભાઈ ઠક્કર દ્વારા બહુચરાજી ખાતેની

# તૃતિય કારોબારી સભા

તા.૧૨.૦૧.૨૦૧૪ના રોજ મળેલી દ્વિતીય કારોબારી સભાની મિનિટ્સનું વાંચન કરવામાં આવ્યું હતુ, જે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યું હતુ. ત્યારબાદ વાડાભાદે ભૂલાવીને 'લોહાણા મિલન'ની સ્થાપના કરવા બદલ અધ્યક્ષ શ્રી ઠાકોરભાઈ ઠક્કર; ઉપાધ્યક્ષ શ્રી મગનભાઈ રૂપાવેલ તથા તમામ હોદ્દેદારોને સંગઠનની ભાવનાને વેગ આપવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમજ આપણી સ્કીલ અને આધુનિક ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરી એકબીજાની સાથે સતત સંપર્કમાં રહી સંગઠન વધારે મજબૂત બનાવવા જણાવ્યું હતું. ત્યારબાદ ૨૦૧૨ થી ૨૦૧૬ના કાર્યકાળ દરમ્યાન થયેલા વિવિધ રચનાત્મક કાર્યક્રમોની વિસ્તૃત માહિતી આપી હતી. લોહાણા વિઝન એન્ડ મિશન ત્રિમાસિક મુખપત્રના આખા ગુજરાતમાંથી ફક્ત ૧૨૦૫ સભ્યો નોંધાયેલ છે. તે ખુબ જ દુ:ખની વાત છે. આ સિવાય સંસ્થા દ્વારા આપવામાં આવતા ઓળખ કાર્ડ (સ્માર્ટ કાર્ડ)ના પણ ૪૧૬૭ સભ્યો નોંધાયા છે તેના માટે દિલગીરી વ્યક્ત કરેલ છે અને આવનારા દિવસોમાં આ યોજના વેગ પકડે તે માટે ઉપસ્થિત સૌ કારોબારી મિત્રો તેમજ જ્ઞાતિબંધુ જનોને અપીલ કરી હતી. આધુનિક નારીની ઓળખ ઉભી થાય તે માટે 'નારી શક્તિના ઓવારણાં' કાર્યક્રમ તા.૨૭.૦૬.૨૦૧૪ના દિવસે અમદાવાદ ખાતે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સમગ્ર ગુજરાતની નારી શક્તિનું એવોર્ડ આપી સન્માન થશે. જે કાર્યક્રમ સૌ કોઈને હાજર રહી મહિલાઓને બીરદાવવા હાર્દિક નિમંત્રણ પાઠવેલ.




૬. એજન્ડા મુજબ મહામંત્રીશ્રી ભગવાનદાસ ઠક્કર 'બંધુ' દ્વારા આવનારા કાર્યક્રમો અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, ગુજરાતની લોહાણા સમાજની મહિલાઓમાં જબરજસ્ત ઉત્સાહ વધારવા બદલ મહિલા સમિતિના પ્રમુખ શ્રીમતી જયાબહેન ઠક્કર અભિનંદનદના હકદાર છે અને થતા રહેશે. તા.૨૭.૦૬.૨૦૧૪ના રોજ '**નારી શક્તિના ઓવારણાં**' મહિલા એવોર્ડ સમારંભના અવિસ્મરણીય આયોજન અંગે સૌને માહિતી આપી હતી અને સૌને આમંત્રિત કર્યાં હતા. ત્યારબાદ આવનારા વર્ષ ૨૦૧૪-૧૫ને યુવા વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કર્યા મુજબ યુવા સમિતિના ઉત્સાહી પ્રમુખ જીગ્નેશભાઈ ભજીયાવાલા દ્વારા અનેક કાર્યક્રમો થનાર છે, તે અંગે માહિતી આપી હતી. અખિલ ગુજરાત લોહાણા સમાજના માધ્યમથી લોહાણા પત્રકારોને એક છત્રમાં એકત્રિત કર્યાં બાદ થઈ રહેલી કામગીરીને બિરદાવી હતી અને લોહાણા અખબાર જગતની પુસ્તિકાનું મંચસ્થ મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આવનારા સમિતિ દ્વારા દરેક છાત્રાલયોની મુલાકાત વગેરેની માહિતી આપી હતી, સૌ મંચસ્થ મહાનુભાવો અને યુવા સમિતિના સભ્યોને યુવા સમિતિની પીન અર્પણ કરવામાં આવી હતી અને સૌને સમાજ સેવાનું ઘેલું લાગ્યું છે, તેમ જણાવ્યું હતું.



૭. એજન્ડા મુજબ વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૬ની ચતુર્થ કારોબારી માટે મળેલા પ્રસ્તાવમાંથી શ્રી દિવ્યેશભાઈ રાજદેવ દ્વારા રાજકોટ ખાતે કારોબારી સભા યોજવાના આમંત્રણને સર્વાનુમતે સ્વીકારવામાં આવ્યો હતો.

૮. એજન્ડા મુજબ ખજાનચી તેમજ સહખજાનચીની ગેરહાજરી સભા જનોની મંજૂરીથી મહામંત્રી શ્રી મુકેશભાઈ ઠક્કર તથી સી.એ. સંજય ઠક્કર દ્વારા તા.૩૧.૦૩.૨૦૧૪ સુધીના અખિલ ગુજરાત લોહાણા સમાજના વાર્ષિક હિસાબો, તેમજ લોહાણા વિઝન એન્ડ મિશનના વાર્ષિક હિસાબ તથા સંસ્થા દ્વારા આપવામાં આવતાં સ્માર્ટ કાર્ડ હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા. જે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.

# તૃતિય કારોબારી સભા

૯. એજન્ડા મુજબ મહિલા સમિતિના અધ્યક્ષા શ્રીમતી જયાબહેન ઠક્કર દ્વારા પ્રમુખશ્રી તથા તમામ હોદ્દેદારોનો મહિલા વર્ષની ઉજવણી કરવા માટે પ્રોત્સાહિત કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો અને ગુજરાતના તમામ ક્ષેત્રમાં મહિલા સશક્તિકરણના થયેલા કાર્યક્રમો બદલ સૌનો આભાર માન્યો હતો અને તા.૨૭.૦૬.૨૦૧૪ના રોજ યોજનાર મહિલા એવોર્ડ સમારંભમાં અવશ્ય પધારવા સૌને આગ્રહપૂર્વક આમંત્રણ પાઠવ્યું હતું. તેમજ તા.૨૦ જુલાઈ થી ૨૭ જુલાઈ ૨૦૧૪ ભાવનગર ખાતે યોજનાર '**થેલેસેમિયા નિવારણ**' અંગેની શિબિરની માહિતી આપી સૌને આ આરોગ્ય યજ્ઞમાં જોડાવવા અપીલ કરી હતી. અંતમાં શ્રીમતી જયાબહેનને જણાવ્યું હતુ કે, લક્ષ્મીને લોહાણા સમાજે શુભલક્ષ્મી બનાવી છે અને તન-મન અને ધનથી ઘસાઈને ઘણા સમાજ ઉપયોગી કાર્યો કર્યા છે.

૧૦. એજન્ડા મુજબ શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી ચંદ્રકાંતભાઈ તન્નાએ આવનારા સમયમાં વક્તૃત્વ સ્પર્ધાનું તથા નિબંધ સ્પર્ધાનું આયોજન કરવા અંગેની માહિતી આપી હતી. જેમાં વિષય આ મુજબ હતા :-

**વક્તૃત્વ સ્પર્ધા** : 'શું લોહાણા જ્ઞાતિએ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે નોંધ પાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરી છે ખરી ?'

**નિબંધ સ્પર્ધા** : 'એક યુવાન તરીકે લોહાણા જ્ઞાતિમાં એકેય અને સંગઠનની ભાવના વધુ મજબૂત કરવાનો મારો દ્રષ્ટિકોણ.' આ સ્પર્ધા માટે, ડી.પી. કારીયા લેક - નરોડા, અમદાવાદના શ્રી દીપકભાઈ કારીયા દ્વારા સ્પોન્સરશીપ જાહેર કરવામાં આવતાં તેઓની સુપુત્રી ચિ.હેલીનું મહિલા સમિતિના હોદ્દેદારો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાની જવાબદારી અંગે મધ્ય ગુજરાત વિભાગમાં શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા શ્રી ધર્મેન્દ્રભાઈ ઠક્કર, દક્ષિણ ગુજરાત વિભાગમાં શ્રી રમણીકભાઈ જોબનપુત્રા તથા શ્રી જીગ્નેશભાઈ ભજીયાવાલા, ઉત્તર ગુજરાત વિભાગમાં શ્રી 'બંધુ' સાહેબ, કચ્છ ગુજરાત વિભાગમાં શ્રી વસંતભાઈ કોડરાણી તથા સૌરાષ્ટ્ર વિભાગમાં શ્રી દિવ્યેશભાઈ રાજદેવ તથા શ્રી સુમિતભાઈ ઠક્કરએ સ્વીકારી હતી.



૧૧. એજન્ડા મુજબ આરોગ્ય સમિતિના અધ્યક્ષ ડૉ.માનસેતા સાહેબ, કાર્યાલયમાંથી થઈ રહેલી વિવિધ આરોગ્યલક્ષી સેવાઓ અંગે માહિતી આપી હતી અને આરોગ્યની જાગૃતિ માટે, પ્રમુખશ્રી ઉમંગભાઈ, મહિલા સમિતિના અધ્યક્ષા શ્રીમતી જયાબહેન ઠક્કર તથા સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યાં હતા. આ ઉપરાંત શ્રી જલારામ હોસ્પિટલ-રાજકોટ દ્વારા જ્ઞાતિબંધુઓને મળતાં સહકાર બદલ શ્રી દિવ્યેશભાઈ રાજદેવને અભિનંદન પાઠવ્યા હતા અને સાવરકુંડલા ખાતે તેમના માર્ગદર્શન હેઠળ તૈયાર થઈ રહેલી વિશાળ હોસ્પિટલ અંગે માહિતી આપી હતી.

૧૨. એજન્ડા મુજબ પ્રવાસન સમિતિના પ્રમુખ શ્રી નિતિનભાઈ ઠક્કર (નવભારત ટ્રાવેલ્સ) દ્વારા તા.૨૭-૦૬-૨૦૧૪ના રોજ મહિલા એવોર્ડ સમારંભ પછી ના દિવસે ૫૬ સીટની એક બસ દ્વારા મહિલાઓને અંબાજી ખાતે દર્શન કરવા લઈ જવાની જાહેરાત કરવામાં આવી હતી.

૧૩. એજન્ડા મુજબ સાંસ્કૃતિ સમિતિના અધ્યક્ષશ્રી ચંદ્રકાંતભાઈ ઠક્કર 'મેહ' દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, આપણી સૌથી મોટી જવાબદારી સાંસ્કૃતિક ક્ષેત્રે બાળકોનો વિકાસ કરવાની છે. આ અંગે કોઈપણ કાર્યક્રમ વિના ખર્ચે કરવાની જાહેરાત કરી હતી. આ ઉપરાંત બાળ નાટકોની સ્પર્ધાનું આયોજન તેમની 'નવસર્જન એકેડમી'ના આતીથ્યમાં કરવાની જાહેરાત કરી હતી અને જ્યાં પણ સ્થાનિક મહાજન કહેશે તે મુજબ વેકેશન દરમ્યાન ૪ થી ૫ દિવસની શિબિરનું આયોજન કરવા પણ જણાવ્યું હતું.

૧૪. એજન્ડા મુજબ સી.એ. શ્રી વી.આર. ગોપાણી દ્વારા 'સી.એ.સેલ'ની જાહેરાત કરવામાં આવી હતી અને લોહાણા સમાજના સી.એ.નું અમદાવાદ ખાતે સંમેલન બોલવવા અંગે તથા ગુજરાતના તમામ સી.એ.ની ડીરેક્ટરી બનાવવા અંગે જાણકારી આપી હતી. આ જવાબદારી પોતે સ્વયં સ્વીકારી હતી. સમગ્ર સભાગૃહે મંજુર રાખેલ હતી.

૧૫. યુવા સમિતિના પ્રમુખ શ્રી જીગ્નેશભાઈ ભજીયાવાલાએ આવનારા વર્ષ ૨૦૧૪-૧૫ને યુવા વર્ષ તરીકે ઉજવણી કરવાના ભાગ સ્વરૂપ, કચ્છ વિભાગ, ઉત્તર વિભાગ, તથા મધ્ય વિભાગમાં મળેલી યુવા સમિતિની વિભાગીય

# તૃતિય કારોબારી સભા

મિટિંગ અંગે માહિતી આપી હતી અને તા.૨૯.૦૬.૨૦૧૪ના રોજ દક્ષિણ વિભાગની યુવા સમિતિ સુરત ખાતે યોજનારી મિટિંગ અંગે સૌને માહિતી આપી હતી અને જણાવ્યું હતુ કે, સૌના સાથ અને સહકારથી ઉત્સાહ ખૂબ જ વધી ગયો છે... અને જણાવ્યું હતું કે, સમયની સાથે યુવાનોએ વિચારધારા બદલવી પડશે અને માહિતી આપી હતી કે, યુવા સમિતિ દ્વારા થનાર કાર્યક્રમો 'એક જ દિવસે – એક જ કાર્યક્રમ' સૂત્ર હેઠળ સમગ્ર ગુજરાતમાં થતાં રહેશે અને સૌ હોદ્દેદારોના માર્ગદર્શન હેઠળ તન–મન–ધનથી લોહાણા સમાજની સેવા કરવાનો સંકલ્પ કર્યો હતો અને જણાવ્યું હતું કે આવનારો સમય યુવા પેઢીનો જ છે...



૧૬. યજમાન સંસ્થા લોહાણા મિલનના હોદ્દેદારો તથા સમગ્ર ટીમનું સન્માન પત્ર અને એવોર્ડ અર્પણ કરી અખિલ ગુજરાત લોહાણા સમાજના તમામ હોદ્દેદારો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું અને મહામંત્રીશ્રી ભગવાનભાઈ ઠક્કર 'બંધુ'એ સન્માન પત્રનું વાંચન કર્યું હતું. ત્યારબાદ મધ્ય ગુજરાતના જાહેર જીવનના વિશિષ્ઠ પ્રતિભા ધરાવતા જ્ઞાતિબંધુઓનું સન્માન કરવામાં આવ્યું હતું અને આ પછી સૌથી વધારે સંખ્યામાં ઉપસ્થિત રહેનારા જ્ઞાતિબંધુઓ વતી અમદાવાદના શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા શ્રીમતી કામીનીબહેન ઠક્કરનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સૌથી દૂરથી પધારેલ શ્રી મનસુખભાઈ બારાઈ (ઓખા)નું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

૧૭. સમારંભ અધ્યક્ષ પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કર દ્વારા તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતુ કે, અખિલ ગુજરાત લોહાણા સમાજનો મુખ્ય ધ્યેય સંગઠન છે, જેને પરીતાર્થ કરતા ભાવનગર તથા વડોદરાના જ્ઞાતિશ્રેષ્ઠીઓએ વાડાભેદ મીટાવીને જે ઉદાહરણ પુરૂં પાડ્યું છે, તે ખૂબ જ અભિનંદનીય છે. તેમણે જણાવ્યું હતું કે, ૪૫૦ મહાજન – સંસ્થાઓના આર્શિવાદથી ક્યારેય આર્થિક જરૂરિયાત ઉભી થઈ નથી આ ઉપરાંત, મહામંત્રીશ્રી ભગવાનભાઈ ઠક્કર 'બંધુ', મહામંત્રીશ્રી મુકેશભાઈ ઠક્કર, મહિલા સમિતિના પ્રમુખ શ્રીમતી જયાબહેન ઠક્કર, યુવા સમિતિના પ્રમુખ શ્રી જીગ્નેશભાઈ ભજીયાવાલા, આરોગ્ય સમિતિના પ્રમુખ ડૉ.માનસેતા સાહેબ તથા ડૉ. નરેશભાઈ સૂચક સાંસ્કૃતિક સમિતિના પ્રમુખ ચંદ્રકાંતભાઈ ઠક્કર 'મેહ' વગેરેની અથાગ મહેનત ને કારણે અવાર નવાર ઉત્કૃષ્ટ કાર્યક્રમો થઈ રહ્યા છે. આ ઉપરાંત સૌ સન્માનિત મહાનુભાવોને અખિલ ગુજરાત લોહાણા સમાજ વતી અભિનંદન પાઠવ્યા હતા. તેમજ વડોદરાની યુવા ટીમને તૃતિય કારોબારીના આયોજનમાં ચીવટપૂર્વક વ્યવસ્થા ગોઠવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

૧૮. અંતમાં યજમાન સંસ્થા લોહાણા મિલનના ઉપાધ્યક્ષ શ્રી મગનભાઈ રૂપાવેલ દ્વારા આભાર વિધી કરવામાં આવી હતી અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કર તથા તમામ હોદ્દેદારોનો તૃતિય કારોબારીનું આમંત્રણ સ્વીકારવવા બદલ અને પધારવા બદલ વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો અને વડોદરાના તમામ હોદ્દેદારો સહીતની ટીમ આવા કાર્યક્રમો માટે હંમેશા તત્પર રહેશે તેવી બાંહેધરી આપી હતી.

સમગ્ર કારોબારી સભાનું સુંદર સંચાલન શિક્ષણ સમિતિનાં અધ્યક્ષ પ્રો.ચંદ્રકાંતભાઈ તન્ના દ્વારા કરવામાં આવ્યું હતું. અંતમાં એજન્ડા ઉપરોક્ત કાર્યવાહી પૂરી થતા કારોબારી સભા પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવી હતી અને સૌને સ્વરૂચિ ભોજન માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું.